સંક્ષિપ્ત સમાચાર

વિંછીમાં જીપે ટક્કર મારતા આધેડનું મોત

હિંમતનગર, તા. ૧૦

પોશીના તાલુકાના વિંછી ગામે મંગળવારે સાંજના સુમારે પસાર થઈ રહેલ જીપના ડ્રાઈવરે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી એક આધેડને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે તેનું મોત નિપજ્યું હતું. જે અંગે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. મંગળવારે સાંજના સુમારે વિંછી ગામેથી કોટડા તરફ જતી અજાણી જીપનાચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી રોડ પરથી પસાર થતી વિંછી ગામના ભેરાભાઈ હોનાભાઈ ગમારને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે તેમનું મોત નિપજ્યું હતું. અકસ્માત કરીને જીપનો ચાલક ભાગી ગયો હતો.

હિંમતનગર અને તલોદમાં બાઈક ચોરી

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ રામબાગ સોસાયટીના કંપાઉન્ડમાં ગત તા. ૫ માર્ચના રોજ પાર્ક કરેલ બાઈક નં. જીજે.૯.એજે. ૧૯૬૨ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે કૃણાલ સૂર્યકાન્ત પટેલે હિંમતનગર એ-ડીવીજન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે તલોદમાં રહેતા યોગેશકુમાર પશાભાઈ નાયીનું બાઈક નં. જીજે.૯.સીએ. ૭૭૭૫ની પણ વીસ દિવસ અગાઉ અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. યોગેશકુમારે મંગળવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

વડાલીમાં ચાલુ પરીક્ષાએ પરીક્ષાર્થી બિમાર પડતા સારવાર અર્થે ખસેડાયો

સાબરકાંઠા જિલ્લામાં ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષા ચાલી રહી છે ત્યારે બુધવારે વડાલીની પી.કે.શાહ ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ-૧૨નું તત્વજ્ઞાનનું પેપર આપવા આવેલા કિશન મુકેશભાઈ બારોટ (રહે.ગામડી, તા.વડાલી) ને ચાલુ પરીક્ષાએ જ અચાનક ચક્કર આવતા તબિયત લથડી હતી. જેથી તેને સારવાર માટે તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયો હતો. જયાં ડો.પ્રદીપ ગઢવી દ્વારા સારવાર આપવામાં આવી હતી.

પાલનપુર રેલવે સ્ટેશનના પ્રવેશ પાસે જ કચરાના ઢગ

ફૂલોની નગરી કે ગંધાતી નગરી

પાલનપુર, તા. ૧૦

ભાજપ શાસીત પાલનપુર નગરપાલિકાના અણઘડ વહીવટ અને સેનીટેશન શાખાની ગંભીર બેદરકારીથી પાલનપુર શહેરમાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. એક સમયે ફૂલો અને અત્તરની નગરી કહેવાતી પાલનપુર નગરીના રેલવે સ્ટેશનથી પસાર થતી ટ્રેનના મુસાફરને ફૂલોની સુગંધથી ખબર પડી જતી કે પાલનપુર આવી ગયુ છે, આજે રેલવે પ્લેટફોર્મ પર ચા-નાસ્તા વેચવા ફેરીયા ફરે છે ત્યારે તે સમયે બાળકો વિવિધ ફૂલોની નાની-નાની ટોપલીઓ રેલવે મુસાફરોને વેચતા અને રેલવે પ્લેટફોર્મ ફૂલોથી સુગંધથી મહેકાઈ ઉઠતુ જ્યારે આજે પરિસ્થિતિ એ છે કે રેલવે સ્ટેશનના પ્રવેશ પાસે જ ગંદકી અને કચરાના ઢગલાથી રલવે સ્ટેશન વિસ્તાર ગંધાઈ રહ્યું છે, અને ટ્રેનમાંથી મુસાફરો બહાર આવતા જ નાકે રૂમાલ રાખી પસાર થતા જોવા મળે છે. પાલિકાતંત્ર દ્વારા કોઈ સફાઈ કામગીરી અત્રે હાથ ન ધરાતા કચરા અને ગંદકીના ખડકલા દિન-પ્રતિદિન વધી રહ્યા છે. જેના પગલે ગાય અને આખલાઓ માટે આશ્રયસ્થાન બની ગયું છે. જ્યારે કેટલીકવાર આખલા અને ગાય બાખડતા અત્રેથી પસાર થતા મુસાફરો પણ અડફેટમાં આવી ઈજાના ભોગ બન્યા હોવાનું પણ જાણવા મળેલ છે. જ્યારે બહારથી આવતા મુસાફરો પણ રેલવે સ્ટેશનથી બહાર આવી ગંદકી જોતા પાલનપુર પાલિકાના નઘરોણા તંત્રની નોંધ લેતા જાય છે. આમ પાલિકાતંત્ર દ્વારા તાકીદે આ કચરાના ઢગ દૂર કરી સફાઈ કરાવે તે ઈચ્છનીય છે.

મોડાસા નગરપાલિકા દ્વારા એપીએમસીની ૩ દુકાન સીલ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા જુના બાકીદારોને વારંવાર નોટીસ આપ્યા બાદ પણ માલિકો દ્વારા બાકી નિકળતો વેરો ભરવાની તસ્દી ન લેતા નગરપાલિકાતંત્ર દ્વારા બાકી વેરો ન ભરતા દુકાનોને સીલ મારવાની કાર્યવાહિ હાથ ધરી હતી. મોડાસાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આવેલી ત્રણ દુકાનો નગરપાલિકાના ચીફ ઓફીસરે સીલ મારતા વેરા ન ભરતા દુકાનમાલિકોમાં ફફડાટ ફેલાયો છે. એપીએમસીમાં દુકાન ધરાવતા મ. યુનુસ દાઉદભાઈનો છેલ્લા ચાર વર્ષથી ૧૮૭૪૫ બે દુકાનોનો તેમજ જાહેદાબેન મ. યુનુસના નામે ચાલતી દુકાનનો ચાર વર્ષનો બાકી વેરો રૂ. ૯૮૨૦ ન ભરતા નગરપાલિકાતંત્ર દ્વારા ૩ દુકાનોને સીલ મારી દીધા હતા. નગરપાલિકા તંત્ર દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી વેરો ન ભરતા બાકીદારોની અત્યાર સુધી ૯ દુકાનો સીલ કરી દેવાતા બાકીદારો દ્વારા વેરો ભરવા મથામણ કરતા નજરે ચડતા હતા.

ખેડબ્રહ્મા તાલુકા સંઘના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘની વ્યવસ્થાપક કમીટીની મીટીંગ બુધવારે મામલતદાર વી.બી. મકવાણાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં આગામી અઢી વર્ષ માટે ચેરમેન તરીકે વસંતભાઈ ખીમજીભાઈ પટેલ, વા. ચેરમેન તરીકે મહેન્દ્રકુમાર કેશુભાઈ પટેલ તથા ઓનરરી સેક્રેટરી તરીકે વિક્રમકુમાર રૂગનાથભાઈ બારોટની બીનહરીફ વરણી કરવામાં આવી હતી. બીન હરીફ ચુંટાયેલા હોદેદારોને સંઘના પૂર્વ ચેરમેન હરીભાઈ આર. પટેલ, નટવરભાઈ ડી. પટેલ તથા મેનેજર હરેશભાઈ ટી. પટેલ સહીત વ્ય. કમિટીના સભ્યોએ બિરદાવ્યા હતા.

દિયોદર તાલુકાના ફોરણા ગામેથી સગીર યુવતી ગુમ થતા ચકચાર

દિયોદર, તા. ૧૦

દિયોદર તાલુકાના સેસણ જુના ગામે રહેતા કાન્તીભાઈ મણાજી ઠાકોરની દિકરી વિશુબેન ઉં.વ. ૧૫ જે ફોરણા ગામે ભાગીયા તરીકે ખેતરમાં કામ કરતી હતી જે તા. ૮-૩-૨૦૧૬ના રોજ ખેતરમાં સાંજે ન દેખાતા પરિવારજનોએ આજુબાજુ શોધખોળ હાથ ધરી હતી. જેમાં મોડી રાત સુધી સગીર યુવતી ન મળતા પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. જેમાં આજે સગીર યુવતીના કાકા ખેમારજી મણાજી ઠાકોરે દિયોદર પોલીસમથકે સગીર યુવતી ગુમ થયાની જાણ કરેલ છે. જેમાં સગીર યુવતીએ પંજાબી ડ્રેસ પહરેલ છે. પોલીસે સગીર યુવતીની શોધખોળ હાથ ધરી છે.

કસરા ગામે પાણીની પાઈપલાઈન નાખવાના મુદ્દે ડી.વાય.એસ.પી.ને રજુઆત

દિયોદર, તા. ૧૦

કાંકરેજ તાલુકાના કસરા ગામે રહેતા અલ્કેશભાઈ જોધાભાઈ ચૌધરી પોતાના ઘરના વરંડામાં પાણીની પાઈપલાઈન નાખતા હતા તે સમયે ગામમાં રહેતા ગૌસ્વામી દશરથપુરી સુખદેવ પુરી, ગૌસ્વામી દિપકપુરી દશરથપુરી, ગૌસ્વામી કિરણપુરી દશરથપુરી ત્રણે આવી કહેવા લાગેલ કે કેમ રસ્તા ઉપર પાઈપલાઈન નાખો છો. તેમ કહી અલ્કેશ ચૌધરી ઉપર લોખંડની પાઈપ વડે હૂમલો કર્યો હતો. જેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ. જે અંગે શિહોરી પોલીસમથકે સામેવાળા ઈસમ વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૨૬, ૨૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબ ગુન્હો નોંધાયો હતો. જેમાં ઈજાગ્રસ્તને માથાના ભાગે ગંભીર ઈજા હોવાથી પોલીસે ફરિયાદમાં ૩૦૭ કમલનો ઉમેરો ન કરતા ફરિયાદીના પરિવારે પોલીસમથકે ઉગ્ર રજુઆત કરી હતી.

ખેતી કરનાર ખેડૂતે કેશરની ખેતી કરી વધુ કમાવાનો અખતરો

માલ ક્યાં વેચવો, માહિતીનો અભાવ મેઘરજ તાલુકાનો પ્રશ્ન

મેઘરજ, તા. ૧૦

ખેડૂત ગમે તે ખેતી કરે પરંતુ વધારે આવક મેળવી શકતો નથી. વધુ વરસાદ-ઓછો વરસાદ કે બોરમાં પાણી ઓછુ હોય આ બધા સંજોગો સરખા કદિ હોતા નથી જેથી જગતનો તાત હવે નિરાશ થઈ ગયો છે અને અવનવી ખેતીના અખતરાથી વધુ કમાવવા લાગ્યો છે.

મેઘરજ તાલુકામાં પણ આધુનિક ખેતી કરનાર મોટા પ્રમાણમાં ખેતી કરનાર નાનજીભાઈ અને વિનોદભાઈ. ધોળાપાણા ગામે સોમાભાઈ ખાતરાભાઈ તરાળ વગેરે ખેડૂતોએ કેસરની ખેતી ૫૦૦૦ રૂપિયાના ૨૫૦ ગ્રામના ભાવે લાવીને સુંદર ખેતી કરી હાલ ફૂલો ઉતારવા માંડ્યા છે. આ ખેડૂતોને ખેતીવાડી ખાતા દ્વારા એગ્રો તરફથી કે કોઈ કંપની તરફથી માર્ગદર્શન મળતુ નથી. અંદરોઅંદર ખેડૂતો વિચારે છે કે ટી.વી.ની જાહેરાત મુજબ કીલોના ૪૦

અને નવિન ખેતી તરફ ગોઢ કંપાના જયંતિભાઈ પટેલની જેમ રેલ્લાવાડા વિભાગમાં પણ અવનવી ખેતી કરીને વધુ કમાવાના અભરખા જાગ્યા છે. જેરીયાવાડા ગામે જઈબીમાંથી નિવૃત્ત થયેલ થાવરાભાઈ સળુભાઈ ડામોર, લીંબાભાઈ મકસીભાઈ ગરાસીયા, મંગળાભાઈ સળુભાઈ ડામોર અને બા.ત.ના છાપરા ગામે પ્રતાપભાઈ, ઈટવા ગામે કેસર અને ચંદનની હજાર મળશે તેવી આશાએ હાલ માલ તૈયાર કરીને બેઠા છે. ત્યારે ક્યાં વેચવો, રોકડા પૈસા મળે તો જ વેચાય આ અંગે જેરીયાવાડાના આદર્શ ખેડૂત કેસરના ફૂલો વેચવા માંગે છે પરંતુ ક્યાં વેચવા તે દરેક ખેડૂતનો સવાલ છે. ખરીદનાર કંપની આ રેલ્લાવાડા વિભાગનો સંપર્ક કરીને ખેડૂતોની વહારે આવે તેવી માંગણી ઉઠી છે.

સાબલીમાં પત્નિની હત્યા કરનાર હત્યારાએ હિંમતનગરમાં ટ્રેન નીચે પડતું મુક્યુ

હિંમતનગર, તા. ૧૦

ઈડર તાલુકાના સાબલી (મહાભારત) ગામે શિવરાત્રીના દિવસે પતિએ પત્નિના ચારિત્ર્ય પર ખોટો વહેમ રાખી ધારિયાથી હત્યા કર્યા બાદ હત્યારો પતિ ભાગી ગયો હતો. દરમિયાન બુધવારે સવારે તેણે હિંમતનગર પાસેના બળવંતપુરા ફાટક પાસેથી પસાર થતી ટ્રેન નીચે પડતું મુક્યું હતું. જેથી ગંભીર ઈજાને કારણે તેનું મોત નિપજ્યું હતું. જે અંગે હિંમતનગર એ-ડીવીજન પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબલી ગામે રહેતા નરેશજી રોમાજી ઠાકરડાએ શિવરાત્રીના દિવસે સાંજના સુમારે પત્નિ ગીતાબેન સાથે ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ ઘરમાં જ તેણીની ધારિયું મારી હત્યા કરી દીધી હતી. ત્યારબાદ હત્યારો નરેશજી ઘરને તાળુ મારીને ફરાર થઈ ગયો હતો. જે અંગે જાદર પોલીસ સ્ટેશનમાં મૃતક ગીતાબેનના ભાઈ અશોકભાઈએ બનેવી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા.

બીજી તરફ હિંમતનગરના બળવંતપુરા પાસે આવેલ ટ્રેક પરથી પસાર થતી અમદાવાદ-ઉદેપુર ટ્રેન નીચે એક યુવાને પડતું મુક્યું હતું. જેથી તેનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે રેલવે કર્મચારી પ્રતાપસિંહ લાલસિંહ મેઘવાલે તરત જ હિંમતનગર એ-ડીવીજન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે ઘટનાસ્થળે જઈ મૃતકની ઓળખ કરવાના પ્રયાસ હાથ ધર્યા હતા. દરમિયાન આ અંગે જાદર પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા મૃતકને તેમના સગાસંબંધીઓએ ઓળખી કાઢ્યો હતો.

અંબાજી હાઈવે પર કાર સળગી જતાં હિંમતનગરના માર્બલના યુવા વેપારી ભડથું

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરના અગ્રણી અને માર્બલના વ્યવસાય સાથે સંકળાયેલા એક યુવાન વેપારીનું સોમવારે રાત્રે રાજસ્થાનથી અંબાજી હાઈવે પર કાર અને ટ્રક વચ્ચે થયેલા અકસ્માત બાદ કાર અને ટ્રક સળગી ઉઠતા હિંમતનગરના વેપારી ભડથું થઈ ગયા હતા. ત્યારબાદ મંગળવારે હિંમતનગરમાં ખબર પડતા વેપારી આલમ શોકમાં ગરકાવ થઈ ગયોહતો.

હિંમતનગરમાં માર્બલના વ્યવસાય સાથે સંકળાયેલા અને અગ્રણી એવા સુનિલભાઈ સોમપુરા સોમવારે મધરાત્રે રાજસ્થાનના પીંડવાડાથી અંબાજી આવી રહ્યા હતા ત્યારે હડાદ અને ખેરોજ ગામ વચ્ચે આવેલ મોહબતગઢ પાસે તેમની કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેથી અગમ્ય કારણોસર ટ્રક નં. આર.જે.૦૭. જીસી.૧૮૨૩ અને કાર સળગી ઉઠી હતી. જેથી સળગતી કારમાંથી બહાર ન નીકળી શકેલા સુનિલભાઈ સોમપુરા બળીને ખાખ થઈ ગયા હત. જેથી તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બીજી તરફ મંગળવારે હિંમતનગરમાં રહેતા માર્બલના વેપારીઓ તથા અન્ય લોકોને જાણ થતાં તેઓ શોકમાં ગરકાવ થઈ ગયા હતા. અચાનક બનેલી ઘટનાને કારણે પરિવાર પર આફત ઉતરી આવતા અનેક લોકોએ આવી દિલાસો આપ્યો હતો.

૫૪.૯૯ લાખના પુસ્તકો વેચી દેનાર શિક્ષણ કચેરીના સી.ક્લાર્ક ઝડપાયો

શિક્ષણ કમિશનર દ્વારા પુસ્તક કૌભાંડની તપાસ કરાઈ : ગાંભોઈ પોલીસે કોર્ટમાં રજુ કરતા છ દિવસના રિમાન્ડ મંજુર

હિંમતનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા જીલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મોકલવામાં આવેલા રૂા.૫૪.૯૯ લાખના પુસ્તકો વિદ્યાર્થીઓને નિ:શુલ્ક વિતરણ કરવાને બદલે બારોબાર અન્ય જગ્યાએ વેચી દેવાતા ઉચાપત કરનાર સીનીયર ક્લાર્ક વિરૂધ્ધ ગત તા. ૨૯ જાન્યુઆરીએ નોંધાવાયેલી ફરિયાદને આધારે ગાંભોઈ પોલીસે મંગળવારે મોડી રાત્રે સી.ક્લાર્કની ધરપકડ કરી બુધવારે મોડી સાંજે હિંમતનગરની ચીફ જયુડીશીયલ ફર્સ્ટ ક્લાસ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરાતા ન્યાયાધીશે છ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા સાબરકાંઠા જીલ્લાની ગ્રાન્ટેબલ અને નોનગ્રાન્ટેબલ ધોરણ ૯, ૧૧ અને ૧૨ ના સેમેસ્ટર ૨ અને ૪ ના ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, જીવ વિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર, ભૌતિક શાસ્ત્ર સહિત અન્ય વિષયના રૂ. ૫૪.૯૯ લાખના પુસ્તકો વિદ્યાર્થીઓને વિતરણ કરવા માટે સાબરકાંઠા જીલ્લા શિક્ષણાધિકારી કચેરીને મોકલી અપાયા હતા. આ તમામ પુસ્તકો ૩ ટ્રકોમાં ભરી ૧,૧૦,૯૭૪ નંગ પુસ્તકો બેરણા ખાતે આવેલ ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટના ગોડાઉનમાં મુકાયા હતા. આ પુસ્તકો તા. ૨૭-૧૦-૨૦૧૪ થી તા. ૪-૧૧-૨૦૧૪ સુધીમાં સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની ગ્રાન્ટેબલ અને નોનગ્રાન્ટેબલ શાળાઓના વિદ્યાર્થીઓને વિતરણ કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. તાત્કાલિન જીલ્લા શિક્ષણાધિકારી વી.એમ.ચૌધરી દ્વારા તા. ૧૩-૧૧-૨૦૧૪ ના રોજ લેખિત હુકમ કરી શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા હેડ ક્લાર્ક ડી.એસ.ઠાકોર તથા સીનીયર ક્લાર્ક ભરત પંડીતને કામગીરી સોપવામાં આવી હતી. જોકે હેડ ક્લાર્ક ડી.એસ.ઠાકોર પાસે અન્ય કામગીરી હોવાથી તેઓએ આ કામગીરી સીનીયર ક્લાર્ક ભરત પંડીતને સોપવા મૌખિક હુકમ કર્યો હતો. ત્યારબાદ તકનો લાભ લઈ ભરત પંડીતે શાળાઓમાં વિતરણ કરવાના પુસ્તકો ફાળવ્યા ન હોવાની રજુઆત ખુદ હેડ ક્લાર્ક ડી.એસ.ઠાકોરે શિક્ષણાધિકારી વિષ્ણુભાઈ ચૌધરી સમક્ષ કરતા જે અંગેની તપાસ હાથ ધરવામાં આવી હતી. તત્કાલિન શિક્ષણાધિકારી વિષ્ણુભાઈ ચૌધરીએ ડી.કે.પાંડોર, ઓ.એસ. જે.કે.ભરવાડ તથા મદદનીશ શિક્ષણ નિરિક્ષકનાઓને તપાસ સમિતિના સભ્ય તરીકે અહેવાલ રજુ કરવા જણાવ્યું હતું. જેમાં જણાવાયા મુજબ રૂ. ૫૪.૯૯ લાખના પુસ્તકો વિદ્યાર્થીઓને વિતરણ નહિ કરવામાં આવ્યા હોવાનું જણાયુ હતું. શાળાના આચાર્ય તથા સંચાલકોના જવાબો પણ લેવામાં આવ્યા હતા અને અહેવાલ તા. ૧૫-૧૧-૨૦૧૪ ના રોજ જીલ્લા શિક્ષણાધિકારીને મોકલી આપવામાં આવ્યો હતો.ત્યારબાદ પુસ્તક કૌભાંડની ગંભીરતાને જોઈ રાજ્યના શિક્ષણ કમિશ્નર મુકેશકુમાર દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જે પૂર્ણ થતા તા. ૧૧-૦૧-૨૦૧૬ ના રોજ લેખિત હુકમ કરી સીનીયર ક્લાર્ક ભરત પંડીત વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરવા માટેનો આદેશ કરાયો છે.

જે અંતર્ગત શિક્ષણ નિરિક્ષક સ્મિતાબેન પટેલે ગાંભોઈ પોલીસ મથકમાં સીનીયર ક્લાર્ક ભરત પંડીત વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી જે આધારે પી.એસ.આઈ. કોમલ રાઠોડ અને રાઈટર જયદીપસિંહે ભરત પંડીતની મંગળવારે મોડી રાત્રે ધરપકડ કરી હતી. ત્યારબાદ બુધવારે મોડી સાંજે ભરત પંડીતને હિંમતનગરની ચીફ જયુડીશીયલ ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરાતા ન્યાયાધીશ ત્રિપાઠીએ છ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.